# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-06-2024** **Evening : 7.50 to 8.00**

**Day : TUESDAY** **National News**

**આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.**

---------------------------------------------------------------

- ✓ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ફરી એકવાર એનડીએ સરકાર રચવા માટે જનાદેશ – એનડીએને 291 જ્યારે ઇન્ડિ ગઠબંધનને 233 બેઠકો પર સરસાઇ
- ✓ ગુજરાતમાં ભાજપનો 26 માંથી 25 બેઠકો પર વિજય
- ✓ વારાણસીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સતત ત્રીજી વાર વિજયી
- ✓ ગાંધીનગરમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો 6 લાખથી વધુ મતે વિજય
- ✓ વાયનાડ અને રાયબરેલી બંને બેઠકો પર કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીનો વિજય
- ✓ અમેઠીમાં ભાજપના સ્મૃતિ ઇરાનીનો એક લાખ 67 હજાર મતોથી પરાજય
- ✓ ઓડિશા વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ અને આંધ્રપ્રદેશમાં ટીડીપીનો વિજય
- ✓ લોકસભાની ચૂંટણીમાં મિશ્ર પરિણામોને પગલે સેન્સેક્સ અને નિફ્ટીમાં 8 ટકા સુધીનો કડાકો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NATIONAL RESULT

લોકસભાની ચૂંટણીમાં જનાદેશ ફરી એકવાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર રચવા માટે સ્પષ્ટ રહ્યો છે. 543 બેઠકોમાંથી એનડીએને 291 બેઠકો મળી છે જ્યારે ઇન્ડિયા મોરચાને 233 બેઠકો મળી છે. ભારતીય જનતા પાર્ટી સૌથી મોટા પક્ષ તરીકે આગળ છે. તેને 240 બેઠકો મળી છે જ્યારે કોંગ્રેસને 99 બેઠકો મળી છે. અન્ય પક્ષોની વાત કરે તો એનડીએના સાથી પક્ષોમાં જનતા દળ યુનાઇટેડને 12 બેઠકો અને તેલુગુ દેશમ પાર્ટીને 16 બેઠકો મળી છે.

ઇન્ડિયા ગઠબંધનમાં તૃણમૂલ કોંગ્રેસને 29 બેઠકો, સમાજવાદી પાર્ટીને 37 બેઠકો, શિવસેના દસ અને ડીએમકેને 22 બેઠકો, શરદ પવાર- એનસીપીને સાત બેઠકો મળી છે.

આમ, લોકસભાની ચૂંટણીમાં જનાદેશ સ્પષ્ટ બન્યો છે અને એનડીએ મોરચા સરકારની રચના સ્પષ્ટ બની છે..

ગુજરાતમાં 25 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસ માત્ર એક બેઠક પર સરસાઈ ભોગવી રહ્યું છે. બનાસકાંઠા બેઠક પર કોંગ્રેસના ગેનીબેન ઠાકોરે ભાજપનાં રેખાબેન ચૌધરીને 30,000થી વધુ મતોથી હરાવ્યા છે.

ભાજપે પાંચ રાજ્યોમાં તમામ લોકસભા બેઠક કબ્જે કરી છે, જેમાં દિલ્હીની સાત, ઉત્તરાખંડની પાંચ, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશની ચાર-ચાર અને ત્રિપુરાની બે બેઠકોનો સમાવેશ થાય છે. જો કે, સૌથી વધુ 80 બેઠકો ધરાવતા ઉત્તરપ્રદેશમાં એનડીએને ફટકો પડ્યો છે. ભાજપને 30, જ્યારે સમાજવાદી પાર્ટી 36, કોંગ્રેસ પાંચ અને રાષ્ટ્રીય લોકદળ બે બેઠક પર આગળ છે.

મહારાષ્ટ્રમાં કુલ 48 બેઠકોમાંથી કોંગ્રેસને 12, ભાજપને 11, શિવસેના (ઉધ્ધવ ઠાકરે જૂથ)ને 10, એનસીપી (શરદ પવાર જૂથ)ને સાત, શિવસેના (શિંદે જૂથ)ને 6, એનસીપી (અજીત પવાર જૂથ)ને એક બેઠક મળી છે. ...2...

..2..

પશ્ચિમ બંગાળમાં પણ ભારતીય જનતા પાર્ટીને ફટકો પડ્યો છે. રાજ્યમાં તે 12 બેઠકો પર આગળ છે, જ્યારે તૃણમુલ કોંગ્રેસ 27 બેઠકો પર સરસાઈ ધરાવે છે. જો કે, ભાજપને ઓડિશા, કર્ણાટક અને આંધ્રપ્રદેશમાંથી આ નુકસાન સરભર થયું છે. કેરળમાં 20 બેઠકમાંથી કોંગ્રેસ 14, ભાજપ 1, સીપીઆઇ એમ 1, ઇન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ બે બેઠકો પર આગળ છે. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી 6 લાખ 47 હજાર મતોથી જીત્યા છે.

કોંગ્રેસનાં નેતા શશી થરૂરે થિરુવનંતપુરમ બેઠક પર કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરને 16 હજારથી વધુ મતોથી પરાજય આપ્યો છે. કોંગ્રેસના કે સી વેણુગોપાલ અલપ્પુઝા બેઠક પરથી જીત્યા છે. કેરળમાં ભાજપનું ખાતુ ખૂલ્યું હતું. થ્રિશુર સીટ પર સુરેશ ગોપી 75 હજાર મતોથી જીત્યા છે.

લોકસભાની સાથે સાથે આંધ્રપ્રદેશ અને ઓડિશા વિધાનસભા ચૂંટણીની પણ ગણતરી ચાલી રહી છે. આંધ્રપ્રદેશ વિધાનસભાની કુલ 175 બેઠકોમાંથી ટીડીપી. 136, જનસેના પાર્ટી .21, ભાજપ 8 અને YSRCP 10 બેઠકો પર સરસાઈ ધરાવે છે.

જ્યારે ઓડિશા વિધાનસભાની 147 બેઠકોમાંથી ભાજપ 80 બીજુ જનતા દળ 49, કોંગ્રેસ 14, અને અપક્ષો ત્રણ .બેઠક પર આગળ છે.

વારાણસી બેઠક પરથી પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી કોંગ્રેસના અજય રાય સામે 1 લાખ બાવન હજાર મતોથી જીત્યા છે. તો કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ વાયનાડ બેઠક પર 3 લાખ 64 હજાર અને રાયબરેલી બેઠક પર ત્રણ લાખ 90 હજાર મતોથી વિજય મેળવ્યો છે.

ભાજપના નેતા જ્યોતિરાદિત્ય સિંધીયા ગુના, કિરન રિજિજૂ અરૂણાચલ પ્રદેશ પશ્ચિમ, કંગના રણૌત મંડીથી જીત્યા છે. ...3....

...3..

વિદિશા બેઠક પરથી ભાજપના શિવરાજસિંહ ચૌહાણે સમગ્ર દેશમાં સૌથી વધુ આઠ લાખ 20 હજારથી વધુ મતોથી જીત હાંસલ કરી છે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુર હમીરપુર બેઠક પરથી જીત્યા છે. કોટા બેઠક પરથી ઓમ બિરલા, અર્જુનરામ મેઘવાલ બિકાનેર બેઠક પરથી જીત્યા છે. આ ચૂંટણીમાં કેટલાંક અપસેટ પણ સર્જાયા છે. અમેઠી બેઠક પરથી કોંગ્રેસના કિશોરીલાલ શર્માએ ભાજપનાં સ્મૃતિ ઇરાનીને એક લાખ 67 હજાર મતોથી પરાજય આપ્યો છે. એલજેપી (રામવિલાસ પાસવાન)ના ચિરાગ પાસવાને હાજીપુર બેઠક પરથી વિજય મેળવ્યો છે.

અયોધ્યાનો સમાવેશ કરતી ફૈઝાબાદ બેઠક પર સમાજવાદી પાર્ટીના અવધેશ પ્રસાદ ભાજપના લલ્લુસિંહ કરતા આગળ છે. એપ્રિલ- મે દરમિયાન સાત તબક્કામાં લોકસભાની 543 બેઠકો માટે મતદાન થયું હતું. સરકાર રચવા માટે 272 બેઠકો જરૂરી છે.

પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી વાર એનડીએને મત આપવા બદલ દેશની જનતાનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતના ઇતિહાસમાં આ  અભૂતપૂર્વ સમય છે.

કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ લોકસભાની ચૂંટણીનાં પરિણામોને પ્રજા અને લોકશાહીનાં વિજય સમાન ગણાવ્યો છે. નવી દિલ્હીમાં માધ્યમોને સંબોધતા શ્રી ખડગેએ જણાવ્યું કે, આ ચૂંટણીમાં કોઈ પક્ષને બહુમતી મળી નથી. અમે જનાદેશને સ્વીકારીએ છીએ. આ અંગે શ્રી ખડગેએ વધુમાં જણાવ્યું હતું કે....

(બાઇટ-  મલ્લિકાર્જુન ખડગે, પ્રમુખ)

. . . . . . . . . . . . .

## GUJ. RESULT

ગુજરાતની લોકસભાની કુલ 26 બેઠકો પૈકી 25 બેઠકોના પરિણામો આવી રહ્યા છે તે દ્રષ્ટિએ એક બનાસકાંઠા બેઠક કોંગ્રેસને મળી છે જ્યારે બાકીની 24 બેઠકો ભારતીય જનતા પાર્ટીના ફાળે ગઇ છે. આમ એક બેઠકથી ભાજપ ગુજરાતમાં હેટ્રીક ચૂકી ગયું છે.

મહત્વની કેટલીક બેઠકોની વાત કરીએ તો ગાંધીનગરની બેઠક પર અમિત શાહ ને નવસારીની બેઠક પર પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ વિજેતા જાહેર થયા છે. બંનેની સરસાઇ પાંચ લાખથી ઉપર રહી છે. આ ઉપરાંત અન્ય ત્રણ મંત્રીઓ પરસોત્તમ રૂપાલા-

રાજકોટમાં, દેવુસિંહ ચૌહાણ- ખેડામાં અને પોરબંદર બેઠકમાં મનસુખ માંડવિયાએ પણ વિજયકૂચ જારી રાખી છે.

આજે સવારથી આણંદ, બનાસકાંઠા, પાટણ, ભરૂચ અને ભાવનગરની બેઠક પર કશ્મકશ ચાલતી હતી. આ રસાકસીમાં બનાસકાંઠાને બાદ કરતાં બાકીની બેઠકો ઉપર ભારતીય જનતા પાર્ટીએ જીત જાળવી રાખી છે. આમ આદમી પાર્ટીના બંને ઉમેદવારો ચૈતર વસાવા ભરૂચ બેઠક પર અને ઉમેશ મકવાણા ભાવનગરની બેઠક પર હારી ગયા છે. પાટણની બેઠક પર સવારથી જ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે રસાકસી રહી જે અંતે ભાજપની તરફેણમાં રહી હતી. જો કે, કોંગ્રેસના ચંદનજી ઠાકોરે પાટણની બેઠક પર તંદુરસ્ત હરીફાઇ કરી છે.

. . . . . . . . . . . . . .

# GUJ. VIDHANSABHA BETHAK WIN

લોકસભા ચૂંટણીની સાથે સાથે યોજાયેલી વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપે પાંચેય બેઠકો પર જીત મેળવી છે.

પોરબંદરની બેઠક પર ભાજપના ઉમેદવાર અર્જુન મોઢવાડિયાએ તેમના નજીકના પ્રતિસ્પર્ધી કોંગ્રેસના રાજુ ઓડેદરાથી એક લાખ 16 હજાર 808 મતોની લીડથી જીત મેળવી છે.

જ્યારે ખંભાત બેઠક પર કોંગ્રેસના મહેન્દ્રસિંહ પરમારને 50 હજાર 129 મત મળ્યા હતા. જ્યારે ભાજપના ચિરાગ પટેલ વિજયી જાહેર થયા છે. જેમણે 38 હજાર 328 મતોની લીડથી કોંગ્રેસના મહેન્દ્રસિંહ પરમારને હાર આપી છે.

વિજાપુર વિધાનસભા બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ડો. સી.જે. ચાવડાએ 56 હજાર 228 મતોથી કોંગ્રેસના દિનેશભાઇ પટેલને હાર આપી...

વાઘોડિયા બેઠક પર ભાજપના ધર્મેન્દ્રસિંહ વાઘેલા કોંગ્રેસના કનુભાઇ ગોહિલથી 82 હજાર 108 મતોની લીડ સાથે વિજેતા થયા છે.

માણાવદર વિધાનસભા બેઠક ઉપર ભાજપના અરવિંદભાઇ લાડાણીએ 31 હજાર 16 મતોની લીડથી કોંગ્રેસના હરિભાઇ કાંગસરાને હાર આપી હતી...

. . . . . . . . . . . . .

## Sensex

લોકસભાની ચૂંટણીનાં મિશ્ર પરિણામોને પગલે શેરબજાર સૂચકાંક સેન્સેક્સ અને નિફ્ટીમાં તીવ્ર કડાકો બોલાયો હતો. દિવસ દરમિયાન ટ્રેડિંગમાં બંને સૂચકાંકો આઠ ટકા સુધી ઘટ્યા હતા, જે ફેબ્રુઆરી, 2022 પછીનો એક દિવસનો સૌથી મોટો ઘટાડો છે. સેન્સેક્સ ચાર હજાર 390 અંક અથવા 5.74 ટકા ઘટીને 72 હજાર 79 પર બંધ રહ્યો હતો, જ્યારે નિફ્ટી ફિફ્ટી 1,379 અંક અથવા 5.93 ટકા ઘટીને 21,884 પર બંધ રહ્યો હતો.

દરમિયાન બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ દિવસ દરમિયાન 12 ટકા ઘટીને દિવસને અંતે આઠ ટકા સાથે બંધ રહ્યો હતો. બીએસઇ સ્મોલકેપ ઇન્ડેક્સ પણ 6.79 ટકા ઘટ્યો હતો.

. . . . . . . . . . . . . . . . . .

# INDONESIA OPEN BADMINTON

ભારતના લક્ષ્ય સેને જકાર્તામાં ઇન્ડોનેશિયા ઓપન સુપર બેડમિન્ટન ટુર્નામેન્ટમાં જાપાનના કાંતા સુનેયામાને સીધા સેટમાં હરાવીને પુરુષ સિંગલ્સના બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. સેને માત્ર 40 મિનિટમાં સુનેયામાને 21-12, 21-17થી હરાવ્યો હતો. સેન હવે સાતમી ક્રમાંકિત ઇન્ડોનેશિયાના એન્ટોની સિનિસુકા અને જાપાનના કેન્ટા નિશિમોટો વચ્ચેની મેચના વિજેતા સામે રમશે .

મિશ્ર ડબલ્સમાં, બી. સુમિત રેડ્ડી અને સિક્કી રેડ્ડીની ભારતીય જોડીને પ્રારંભિક રાઉન્ડમાં વિન્સન ચીયુ અને જેની ગાયની અમેરિકન જોડીએ હાર આપી હતી.

મહિલા ડબલ્સમાં ત્રિશા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય જોડી ચાઈનીઝ તાઈપેઈની યુ-પેઈ ચેંગ અને યૂ હસિંગ સન સામે રમશે.

-------------